# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 02-02-2023 બપોરે: 2.30pm to 2.35pm

વાર : ગુરૂવાર **Regional News**

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# મુખ્યમંત્રી-બજેટ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય અંદાજપત્રને આવકાર્યું છે. અને તેને સમાજના દરેક વર્ગના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપતું ગણાવ્યું છે , તેમણે કહ્યું કે , અંદાજપત્રમાં સમાજના દરેક વર્ગના વિકાસની બાબત આવરી લીધી છે.

ગાંધીનગરમાં કેન્દ્રીય અંદાજપત્ર અંગે પત્રકાર પરિષદને સંબોધતા શ્રી પટેલે જણાવ્યું કે અમૃતકાળનું આ અંદાજપત્ર વિકાસના સાત પાયાને ધ્યાનમાં રાખીને બનાવ્યું છે.

તેમણે ક્હયું કે આ અંદાજપત્ર ભારતને વિશ્વગુરૂ અને આત્મનિર્ભર બનાવનારું છે.

(બાઇટ-મુખ્યમંત્રી)

# વિશ્વ જળપ્લાવિત ભૂમિ દિવસ

આજે વિશ્વ જળપ્લાવિત ભૂમિ દિવસ છે.

આજના દિવસે 1971માં ઇરાનના રામસર શહેરમાં જળપ્લાવિત ભૂમિના સંરક્ષણ અને વિકાસ અંગે આતંરરાષ્ટ્રીય પરિષદ યોજાઇ હતી. તેમાં વિશ્વના મહત્વના જળપ્લાવિત વિસ્તારોને રામસર સાઇટ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

અમદાવાદમાં આવેલી રામસર સાઇટ નળ સરોવર ખાતે નળ સરોવર પક્ષી અભયારણ્ય, વન વિભાગ અને ગીર ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે વિશ્વ જળપ્લાવિત ભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવી.

જે અંતર્ગત ફોટો પ્રદર્શન  એ  સ્પર્ધા તેમજ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું.

## આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ ડે ગુજરાત

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે ગાંધીનગરમાં  ગુજરાતનાં સમૃદ્ધ જળપ્લાવિત વિસ્તારને ઉજાગર કરતી  'વસુધૈવ કુટુંમ્બકમ'ની વિષયવસ્તુ આધારિત ફિલ્મને  જાહેર જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી.  જાણીતા સંગીતકાર રૂપકુમાર રાઠોડ નિર્મિત આ ફિલ્મમાં રાજ્યની ચારેય રામસર સાઇટ્સ સહિત કચ્છ વિસ્તારમાં મહેમાન બનતા વિદેશી પક્ષીઓ અને ગુજરાતનાં  જળપ્લાવિત વિસ્તારોનું  અદભુત નિરૂપણ  કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ પક્ષીઓની તસવીરો રજૂ કરતી એક ' કોફી ટેબલ' બુકનું વિમોચન કર્યું. રાજ્યના છારીઢંઢ , થોળ, નળ સરોવર , કચ્છનું નાનું રણ , વઢવાણા જેવા જળપ્લાવિત સ્થળોએ યાયાવર પક્ષી જોવા મળે છે.

# ઈ કેવાયસી

પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ હેઠળ મહેસાણા જિલ્લામાં 2 લાખ 88 હજાર ખેડૂતોમાંથી 2 લાખ 38 હજાર ખેડૂતોએ ઈ-કે.વાય.સી. કરાવ્યું છે. બાકીના 50 હજાર ખેડૂતોનું ઈ કે.વાય.સી પોસ્ટ વિભાગની મદદથી કરવામાં આવશે. બાકી રહેલા ખેડૂતો યોજનાના 13 માં હપ્તાથી વંચિત ન રહે તે માટે જિલ્લાની ખેતીવાડી વિભાગે પોસ્ટ વિભાગ સાથે મળીને ખેતીવાડી વિભાગની કચેરીમાં ખેડૂતોને ઈ કે.વાય.સી કરી આપવામાં આવશે. ખેડૂતે પોતાનું આધાર કાર્ડ, મોબાઈલ નંબર અને 8 અ નો ઉતારો સાથે રાખવા જણાવાયું છે.

# જ્ઞાનસેતુ ડે સ્કૂલ

શિક્ષણ વિભાગ દ્વારા દરેક તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં સામાજિક ભાગીદારી સાથે `જ્ઞાનસેતુ સ્કૂલ' શરૂ કરવાનો ઠરાવ કર્યો છે. તેમાં સરકારી અને અનુદાનિત શાળાઓના વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષાના આધારે નવા સત્રથી ધોરણ 6 માં પ્રવેશ અપાશે. આ જ્ઞાનસેતુ ડે સ્કૂલ પ્રોજેકટ હેઠળ કચ્છના દરેક તાલુકા દીઠ એક-એક તેમજ મુખ્યમથક ભુજમાં બે જેટલી આવી શાળા શરૂ કરવાનું આયોજન છે.

જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે જણાવ્યું કે , સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ પ્રાપ્ત કરવાના ઉદેશથી આ

શાળામાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીને ધો 6 થી 12 સુધી વિના મૂલ્યે અભ્યાસ કરાવાશે તેમજ છાત્રોને કૌશલ્ય, કારકિર્દી માર્ગદર્શન, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી તથા અભ્યાસ માટે `નીટ' અને JEE તથા એનડીએ જેવી પરીક્ષાઓ માટે શ્રેષ્ઠ કોચિંગની સુવિધા પૂરી પડાશે.

## પ્રોપર્ટી કાર્ડ

શહેર વિસ્તારની જેમ કચ્છના ગ્રામીણ વિસ્તારોમાં ગામ તળમાં આવેલી મિલકતોના પ્રોપર્ટીકાર્ડ બનાવવા ડ્રોનથી સર્વે હાથ ધરવામાં આવ્યો છે. સ્વામીત્વ યોજના હેઠળ ગામ તળની મિલકતોની માપણી કરી , જે-તે મિલકતના માલિકને મિલકતની માલિકીના આધાર તરીકે પ્રોપર્ટીકાર્ડ આપવામાં આવે છે. પાઇલોટ પ્રોજેક્ટનો ભુજ શહેર અને તાલુકામાં પ્રારંભ થયા બાદ અત્યાર સુધીમાં ભુજ તાલુકાના 77, રાપર 22, અંજાર 39 અને મુન્દ્રા તાલુકાના 31 ગામોમાં ડ્રોનથી સરવે કામગીરી થઇ છે અને માંડવી તાલુકાના 65 ગામોમાં કામગીરી ચાલી રહી છે.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો.**